## સંક્ષિપ્ત સમાચાર

### પ્રજાપિતા બ્રહ્માકુમારી શિનોર શાખા તરફથી સ્નેહ મિલનનું આયોજન કરાયું



**શિનોર** : પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય શિનોર શાખા તરફથી આજે ખૂબ જ સુંદર સદગુરુ પરમાત્મા ના સાનિધ્યમાં ખૂબ સુંદર સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું. વડોદરા જિલ્લાના શિનોર પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીયા વિશ્વવિદ્યાલય શિનોર શાખા શિનોર નગરના ઘણા બધા ભાઈ બહેનો અને માતાઓએ બાળકોએ લાભ લીધો ખાસ કરીને આ કાર્યક્રમ એક વ્યસન મુક્તિ વિકારોથી મુક્તિ અને ભારતને સ્વર્ણિમ બનાવવા માટે દરેક ભાઈ બહેનોનું પોતાનું શું યોગદાન છે એ વિશે બ્રહ્માકુમારી ધરતી બેન ને સમજાવ્યું અને દરેકને વ્યસનોથી મુક્ત કરવા માટે આજનું જે યુદ્ધ ગેરમાર્ગે જઈ રહ્યું છે તેના અનુસંધાનમાં પણ જણાવવામાં આવ્યું ખાસ કરીને હવે રક્ષાબંધન આવશે ત્યારે સર્વને વ્યસન મુક્તિની પ્રતિજ્ઞા અને સાથે સાથે વ્યસનો છોડવાનો સુંદર કાઉન્સિલિંગ પણ કરવામાં આવશે જેમાં સ્કૂલ કોલેજ માં સર્વને આ વાત સમજાવવામાં આવશે.

### મોટા ફોફળિયા છોટુભાઈ એ.પટેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં આરોગ્ય કેમ્પ યોજાયો




**શિનોર** : શિનોરના મોટા ફોફળિયા ખાતે આવેલ શક્તિ કૃપા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત છોટુભાઈ એ પટેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા શરૂ કરેલ આયુષ્યમાન ભવ અભિયાન અંતર્ગત યોજાયેલ આયુષ્યમાન આરોગ્ય મેળો સર્વ રોગ નિદાન કેમ્પમાં 225 જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. તેમાં કેટલાક દર્દીઓની હોસ્પિટલ ખાતે સારવાર પણ આપવામાં આવી હતી. શિનોર તાલુકાના મોટા ફોફળિયા ખાતે રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સુભગ સમન્વયથી લોક ભાગીદારીથી શક્તિ કૃપા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત છોટુભાઈ એ. પટેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વિભાગીય નાયબ નિયામક આરોગ્ય તબીબી સેવાઓ વડોદરા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત વડોદરાના માર્ગદર્શન હેઠળ આજે તારીખ 17/07/ 2025 ના રોજ યોજાયેલ આયુષ્યમાન ભવ અભિયાન અંતર્ગત આયુષ્યમાન આરોગ્ય મેળો સર્વ રોગ નિદાન કેમ્પમાં 225જેટલા દર્દીઓએ લાભ લીધો હતો સર્વ રોગ નિદાન કેમ્પનો શુભારંભ ટ્રસ્ટી જીતેન્દ્રભાઈ પટેલનાઓએ લાભાર્થી દર્દીઓની, અને સ્ટાફની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યો હતો.

### બોડેલી-ડભોઇ હાઇવે પર બેંક પાસે ખાડામાં કાર ખાબકી-અકસ્માતની સ્થિતિ સર્જાઇ




**બોડેલી** : છોટાઉદેપુર જિલ્લામાં આવેલ બોડેલી નગર ખાતે બોડેલીથી ડભોઇ જતા મુખ્ય માર્ગ પર આવેલ HDFC બેંક પાસે હાઇવે રોડ ની બાજુમાં લાંબા સમયથી ખૂબ જ મોટો ખાડો પડેલ છે છતાં ત્યાં કોઈ સમમાર કામ થયું નથી કે ખાડો પૂરવામાં આવ્યો નથી જેથી કરીને આજ રોજ સવારના સમયે પડેલા ખાડામાં એક કાર ખાબકી ગઈ હતી. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર આ ખાડો ઘણા સમયથી હાઇવે પર છે, પરંતુ હજુ સુધી તંત્ર દ્વારા કોઇ કાર્યવાહી કરાઇ નથી તંત્ર ઊંઘતું હોય એમ જણાઈ આવેલ છે જયારે સમગ્ર દુર્ઘટનામાં વાહનને નુકસાન થયું છે, હાઇવે પરથી રોજ ઘણા વાહનો પસાર થાય છે, અને આવા ખાડાઓના કારણે અકસ્માતનો ભય સતત રહે છે આવા ખાડાના કારણે કોઈ અકસ્માત સર્જાતા આજુબાજુના સ્થાનિકોને પણ જીવનો જોખમ જણાઈ આવે છે સ્થાનિકોએ તંત્રને વારંવાર રજૂઆતો કરવા છતાં યોગ્ય મરામત ન થતાં લોકોમાં રોષ જોવા મળ્યો છે.

### સોશિયલ મીડિયા પર નબીની શાનમાં ગુસ્તાખી કરનારાઓ સામે મુસ્લિમ સમાજની નારાજગી




**નસવાડી** : હઝરત પયગંબર મોહમ્મદ (સ.અ.) ની શાનમાં થયેલી ગુસ્તાખી માટે નસવાડીના મુસ્લિમ અગ્રણીઓ યુવાનો વડીલો ભેગા મળી સાગર ગેરેજ થી મૌન રેલી કાઢી હાથમાં પ્લેબોર્ડ લઈને નસવાડી પોલીસ સ્ટેશન પોહચી પી.એસ. આઈ ને આવેદનપત્ર આપી એફ. આઈ. આર દાખલ કરવા અને આવા અસામાજિક તત્વોને પોલીસ સબ સિખાડે અને ગુસ્તાખી કરનારને કડક માં કડક સજા થાય અને ફાંસી આપવામાં આવે અને ધર્મ વિરોધી ટિપ્પણી કરનાર લોકો સામે કડક કાયદો બનાવામાં આવે તેવી પણ માંગ સાથે નસવાડી મુસ્લિમ સમાજ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) ની શાનમાં દિલ્હીના પપ્પુસીંગ દ્વારા કરવામાં આવેલી અપમાન જનક ટિપ્પણીને લઇ છોટાઉદેપુર જિલ્લાના મુસ્લિમ સમાજ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહયો છે.

---

કામગીરી અર્થે કોઈપણ જાતનું બેનર કોન્ટ્રાક્ટર દ્વારા લગાવવામાં આવેલું નથી

# જબુગામ, મુલધરને જોડતા નવા બ્રિજની છેલ્લાં એક વર્ષથી કામગીરી અધૂરી

**પાક્કુ** ડાઈવરજન બનાવવામાં આવ્યું નથી, જેથી જીવના જોખમેં લોકોને પસાર થવું પડે છે



(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.18

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં જબુગામ મેરીયા બ્રિજ ઉતરતાની સાથે જ જબુગામ થી મુલધર ગામને જોડતો એક નવીન બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. જેમાં ખૂબ જ ધીમી ગતિની કામગીરી થતી હોય એમ જોવા મળી રહ્યું છે જેથી કરીને સમય મર્યાદા પણ પૂર્ણ થઈ ગઈ હોય એવું લાગી રહ્યું છે જેથી કરીને આસપાસના લોકોને હાલ હાલાકી વેઠવાનો વારો જોવા મળી રહ્યો છે. બ્રિજની કામગીરી ચાલુ હોવાથી વરસાદ દરમિયાન અવર-જવર મુશ્કેલ બની છે. ચોક્કસ ડ્રાઈવર્ઝન બનાવાયું નથી જો ડાઈવરજન બનાવવામાં આવ્યું હોત તો ખેતી કામ અર્થે મુલધર ગામના લોકોને જે જબુગામ આવવું પડે છે તેમાં હાલાકી પડતી ના હોત જીવ ના જોખમે નદી પસાર કરવી ન પડતી હાલ સ્થાનિકો જીવ ના જોખમે નદી પસાર કરે છે

કોન્ટ્રાક્ટર દ્વારા જે કામગીરી કરવામાં આવી રહી છે તેમાં સરકારી નિયમોનું પાલન થતું નથી લોક ચર્ચાનો વિષય છે કે એ જગ્યાએ કોન્ટ્રાક્ટર દ્વારા વીજ ચોરી કરવામાં આવી રહી હતી એક મકાનમાંથી વીજળી લઈ કોન્ટ્રાક્ટર દ્વારા ઉપયોગ કરવામાં આવતો હતો જેથી કરીને એમજીવીસીએલ દ્વારા દંડ આપવામાં આવ્યું હતું એવું પણ જાણવા મળે છે વધુમાં વાત કરીએ તો શરૂઆતથી સમયમાં કોન્ટ્રાક્ટર દ્વારા રોયલ્ટી પાસ વિનાની રેતી નો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો જબુગામ ગ્રામ પંચાયતના રેતીના ઢગલા માંથી કોન્ટ્રાક્ટર દ્વારા રેતી ઉઠાવવામાં આવી હતી શું આ રીતની કામગીરી સરકારી કામગીરી કરતા કોન્ટ્રાક્ટર થી કરી શકાય? એવા અનેક સવાલો કામગીરી કરનાર પર ઉઠી રહ્યા છે જ્યારે સ્થળ ઉપર કોન્ટ્રાક્ટ વિશેના જે બેનર લગાવવામાં આવે છે એ પણ લગાવવામાં આવ્યા નથી તે કેટલું યોગ્ય છે જો સ્થળ ઉપર કોઈ ચોક્કસ અધિકારી દ્વારા તપાસ કરવામાં આવે તો અનેક વાતો બીજી પણ ખુલી શકે એમ લાગી રહ્યું છે.

## સાધલી ગામે યોજાયેલા ધરણાને લઈને પોલીસમાં ફરિયાદ નોંધાઈ




(પ્રતિનિધી) શિનોર, તા.18

શિનોર તાલુકાના સાધલી ગામે યોજાયેલ ધરણા કાર્યક્રમને આયોજક અલ્તાફ હુસૈન રંગરેજ અને પૂર્વ કરજણ તાલુકા કોંગ્રેસ પ્રમુખ પિન્ટુ પટેલ સામે ફરિયાદ નોંધાઈ છે. શિનોર મામલતદાર દ્વારા આધિન પરવાનગી આપી જે હુકમની શરતોનો ભંગની ફરિયાદ નોંધાતા ધરણા કાર્યક્રમના 7માં દિવસે હેડ કોન્સ્ટેબલે નોંધાવી પોલીસ ફરિયાદ સાધલી ગ્રામ પંચાયતના વિરુધ્ધમાં સાધલી બસ સ્ટેન્ડ ખાતે યોજાયો હતો ધરણાનો કાર્યક્રમ સાધલીના એકતા નગર સોસાયટી, સહયોગ પાર્ક અને નકુમ વાડાના રહીશો,કોંગ્રેસના કાર્યકરો હાજર હતાં. ગત તા. 10 - 7 - 2025 ના રોજ સાધલી બસ સ્ટેન્ડે યોજાયો હતો ધરણાનો કાર્યક્રમ બિન રાજકીય હોવા છતાં કોંગ્રેસના કાર્યકરોને બોલાવી રાજકીય રંગ આપ્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ માઇકમાં અવિચારી અને નિરંકુશ ભાષણ કરી, સુરૂચિનો ભંગ કર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ શિનોર મામલતદારના હુકમની શરતોનું ઈરાદાપૂર્વક અવગણના કરી, હુલ્લડ કે બખેડો થાય અને માનવ જીવનની સલામતીને ભયમાં મૂકી ગુનો કર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ શિનોર પોલીસે તપાસ હાથ ધરી છે.

## 19.45 કરોડના ખર્ચે કોઝવે તથા નાળા પર કામગીરીની મંજૂરી

**જેતપુર પાવી** તાલુકાને વિકાસ અર્થે એક નવું મોરપીંછ ભેટ આપ્યું



(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.18

છોટાઉદેપુર ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાએ જેતપુર પાવી તાલુકામાં પડતી પ્રજાને મુશ્કેલીઓ અંગે હયાત કોઝવે તથા નાળા ઉપર મેજર બ્રિજ અને સ્લેબ ડ્રેઈન ની કામગીરી અંગે ધારદાર રજૂઆત કરી હતી જેના ભાગરૂપે સરકાર દ્વારા જેતપુર પાવી તાલુકાના વિકાસ અર્થે એક નવું મોરપીંછ ભેટ આપવામાં આવ્યું છે જેમાં અંદાજિત 19 કરોડ 45 લાખ ની રકમ ની ફાળવણી કરવામાં આવી છે.

ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાએ જણાવ્યું હતું કે પાવીજેતપુર ના વચલીભીત બાર મોટીખાંડી રોડમાં બે નંગ મેજર બ્રિજ તથા એક નંગ સ્લેબ ડ્રેઈનની કામગીરી 13 કરોડ 60 લાખના ખર્ચે જેતપુર કદવાલ રોડ બે નંગ સ્લેબ ડ્રેઈન ની કામગીરી 2 કરોડ 75 લાખના ખર્ચે, ચૂલી ભીખાપુરા પાનીમાઈન્સ સ્લેબ ડ્રેઈનની કામગીરી 1 કરોડ ૨૦ લાખ, વાંકી ભાનપરી હાથી પગલા રોડ સ્લેબ ડ્રેઈનની કામગીરી 1 કરોડ 10 લાખના ખર્ચે જ્યારે ખટાશ ઓલીયા કલમ રોડ સ્લેબ ડ્રેઈનની કામગીરી 80 લાખના ખર્ચે મંજૂર કરવામાં આવી છે કુલ 19 કરોડ 45 લાખ ના ખર્ચે આદિવાસી પંથકમાં રસ્તા ના કામો સરકાર દ્વારા મંજુર કરવામાં આવતા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

## રાજ્યમાર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાઓનું પેચવર્ક પૂરજોશમાં

(પ્રતિનિધી) વડોદરા, તા.18

વડોદરા જિલ્લાના કરજણ અને કાયાવરોહણ અને રાજલી મંડાળા વચ્ચેના માર્ગ પર થયેલા ખાડાઓ અને ક્ષતિઓને સુધારવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે પેચવર્ક કામગીરી શરૂ કરવામાં આવી છે. ભારે વરસાદ બાદ ખરાબ થયેલા આ માર્ગને ધ્યાને રાખીને વિભાગ દ્વારા આ તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા છે. રસ્તાઓના સમારકામની કામગીરી માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની સતત દેખરેખ હેઠળ ચાલી રહી છે. માર્ગ પર પડેલા મોટા ખાડાઓને ડામર અને કપચીના મિશ્રણનો ઉપયોગ કરીને સમથળ કરવામાં આવી રહ્યા છે. આ કામગીરી નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે મોટી સંખ્યામાં શ્રમિકો અને આધુનિક મશીનરીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

તણખલા ગામ પાસે છોટાઉદેપુર જિલ્લાને અને નર્મદા જિલ્લાને જોડતા રસ્તા ઉપર

## 4 બ્રિજ ઉપર લોખંડના બેરીકેડ મારી ભારદારી વાહનો બંધ કરી દેવાયા

**સીધો** માર્ગ બંધ થતા લોકો ને હવે વધારા ના કિલોમીટર ફરીને જવું પડશે



(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.18

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના તણખલા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ને જોડતા રસ્તા ઉપર ના ચાર પૂલો સ્ટેટ આર એન્ડ બી વિભાગ બંધ કરી દેતા તણખલા થી સ્ટેચ્યુ ઓફ યુનિટી ના રસ્તા ઉપર ભારદારી વાહનો બંધ કરી દેતા તણખલા ના વેપાર ધંધા ને ભારે નુકશાન બે જિલ્લાના વાહનોને 30 કિલોમીટર નો ફેરો તંત્રએ અત્યાર સુધી બ્રિજ રીપેરીંગ માટે ધ્યાન ના આપતા લોકોને હાડમારી છોટાઉદેપુર જિલ્લો અને નર્મદા જિલ્લો અડીને આવેલો છે.જયારે નર્મદા જિલ્લાના એકજ કિલોમીટર વિસ્તાર માં નસવાડી તાલુકાની હદ શરુ થઇ જાય છે જયારે નર્મદા જિલ્લા ના લોકો અને ખેડૂતો ખરીદી કરવા માટે નસવાડી તાલુકાના તણખલા ગામે આવે છે હાલ ખેતી ની સીઝન શરુ થઇ છે જયારે આ વિસ્તાર માં 90 જેટલા ગામો અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જવા માટે આ મુખ્ય માર્ગ છે આ માર્ગ ઉપર ચાર જેટલા પુલો આવેલા છે સ્ટેટ આર એન્ડ બી વિભાગે આ પુલો ઉપર ભારદારી વાહનો ઉપર પ્રતિબંધ લગાવી ને બોર્ડ મારી અને રેલિંગ મારી દેતા 90 ગામોના લોકો મુશ્કેલી માં મુકાયા છે રેતી કપચી સિમેન્ટ ખાતર તેમજ જીવન જરૂરી ચીજવસ્તુઓ તણખલા થી ખરીદી કરતા હતા આ રસ્તો ભારદારી વાહનો માટે બંધ થઇ જતા હવે લોકો ખરીદી કરવા માટે નસવાડી ખાતે અથવા તો રાજપીપલા ખાતે જવું પડશે.

## ક્વાંટથી નસવાડીની જોડતા રસ્તા પર મસ મોટા ગાબડા પડતા પ્રજાજનોને પરેશાની

**ગાબડાઓનું** પુરાણ તાત્કાલિક ધોરણે કરવામાં આવે તેવી પ્રજાની માંગ



(પ્રતિનિધી) ક્વાંટ, તા.18

ગુજરાતના તમામ નાના મોટા પુલ જે ભયજનક હોય તેઓને બંધ કરી દેવામાં આવ્યા ત્યારે છોટાઉદેપુર થી બોડેલી જતા વાહનો પણ હાલમાં વાયા ક્વાંટ અને નસવાડી જવું પડે છે ત્યારે સુરત નવસારી દક્ષિણ ગુજરાતના તમામ છોટાઉદેપુર ના વાહનો જે ક્વાંટ થઈને જાય છે જેના કારણે ક્વાંટ બાયપાસ રસ્તાઓ પણ ભારે વાહનોના કારણે મસ મોટા ગાબડા પડી ગયા છે ક્વાંટ થી નસવાડી રોડ પર એમજીવીસીએલ કચેરીની પાસે આર એન બી વિભાગ નો રસ્તો સ્ટેટ હાઈવે જેમાં આઠ આઠ ફૂટ પહોળા ગાબડાઓ પડી જતા ભારે વાહન ચાલકો તેમજ નાના વાહનચાલકો અને રાહદારીઓ માટે ભારે મુશ્કેલી સામનો કરવો પડી રહ્યો છે આર એન બી વિભાગમાં વારંવાર આ મસ્ત મોટા ગાબડાઓની રજૂઆત કરવા છતાં પુરાણ ના થતા હાલમાં છોટાઉદેપુર થી નસવાડી મારે વાહન ચાલકો ક્વાંટ બાયપાસ રસ્તા ઉપર થી પસાર થઈ રહ્યા છે ત્યારે આ રસ્તાઓની તાત્કાલિક મરામત અને તેનો પુરાણ થવું જોઈએ કોઈ મોટી હોનારત સર્જાય તો તેનો જવાબદાર કોણ જેથી કવાટથી નસવાડી રોડ પરના મસ મોટા ગાબડાઓનું પુરાણ તાત્કાલિક ધોરણે કરવામાં આવે તેવી પ્રજા માંગ ઉઠી છે.

શાળામાં શૌચાલયની પણ સુવિધા નથી

## નસવાડી ટાઉનમાં સ્ટેશન વિસ્તારની પ્રાથમિક શાળા જર્જરિત અવસ્થામાં

(પ્રતિનિધી) નસવાડી, તા.18

નસવાડી ટાઉનમાં સ્ટેશન વિસ્તાર માં ધોરણ 1 થી 5 ની પ્રાથમિક શાળા આવેલી છે આ પ્રાથમિક શાળા માં બે બાળકો ની રજીસ્ટર સંખ્યા છે જેમાં બે શિક્ષકો ફરજ બજાવે છે જયારે ગતવર્ષે આ શાળા માં એક બાળક ની રજીસ્ટર સંખ્યા હતા જયારે નવા સત્ર બાદ બે બાળક ની રજીસ્ટર સંખ્યા નોંધાઈ છે જયારે શુક્રવાર ના રોજ એક શિક્ષક શાળા માં હાજર હતો અને એક શિક્ષક રજા ઉપર હતો અને એક પણ બાળક આવ્યું ના હતું જયારે છોટાઉદેપુર જિલ્લા કલેક્ટરે ગતવર્ષે પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો ની ઘટ હોવાના લીધે પરિપત્ર કર્યો હતો અને જેમાં 30 બાળકો ની સંખ્યા હોય ત્યાં બે શિક્ષકો મુકવા પરંતુ નસવાડી ટાઉન ની સ્ટેશન વિસ્તાર ની પ્રાથમિક શાળા માં બે શિક્ષકો ના હુકમ એક વર્ષ થી કરવામાં આવેલ છે અને બે શિક્ષકો નો પગાર સરકારી ચોપડે પડી રહ્યો છે ત્યારે છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા કલેક્ટર ના હુકમ નું પણ જિલ્લા શિક્ષણ અધિકારી અને તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી અમલ



કરતા નથી તેનો આ વરવો નમૂનો છે સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ બે શિક્ષકો શાળામાં આવે છે અને એક એક બાળકને થોડી વાર ભણાવે છે ત્યાર બાદ મોબાઈલ લઈને બેસી જાય છે જયારે આ શાળામાં શૌચાલયની સુવિધા નથી શાળાના ઓરડા જર્જરિત છે.ચોમાસામાં ગ્રાઉનમાં પાણી ભરાઈ જાય છે અને જેના કારણે સ્ટેશન વિસ્તાર માં 400 જેટલા મકાનો આવેલા છે અને પ્રાથમિક શાળા ની નજીક માં આખો વિસ્તાર છે આ વિસ્તારમાંથી 200 જેટલા બાળકો ખાનગી શાળાઓમાં અભ્યાસ માટે જાય છે

## ચેક રિટર્ન કેસમાં વડોદરાના વેપારીને કોર્ટ દ્વારા 3 મહિનાની સજા ફટકારાઇ

**સંખેડાના** વેપારી પાસેથી લાકડા ખરીદીનો રૂ.૧,૬૭,૫૬૦ ચેક આપ્યો હતો

(પ્રતિનિધી) સંખેડા, તા.18

સંખેડામાં હિન્દુસ્તાન ટીમ્બરના નામથી વેપાર કરતા ઈબ્રાહિમ સૈફુદ્દીન માની લાકડા ખરીદવા અને વેચવાનો ધંધો કરે છે. વડોદરાના ઋતુરાજ એન્ટરપ્રાઈઝના માલિક સુનિલ રમેશભાઈ પટેલે ૨૩ માર્ચ ૨૦૧૮ના રોજ હિન્દુસ્તાન ટીમ્બર માર્ટમાંથી પાઈનના લાકડા રૂા.૧,૬૭,૫૬૦ના ખરીદીને બિલની રકમનો ચેક આપ્યો હતો.આ ચેક સુનિલ રમેશભાઈ પટેલના ખાતામાં નાખતા રિટર્ન થયો હતો.જેથી હિન્દુસ્તાન ટીમ્બર માર્ટના પાર્ટનર અને વહીવટકર્તા ઈબ્રાહિમ સૈફુદ્દીન માનીએ સંખેડા કોર્ટમાં વકીલ રણજિતભાઈ તડવી મારફતે ઋતુરાજ એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર સુનિલ રમેશભાઈ પટેલ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. આ અંગેનો કેસ સંખેડા કોર્ટમાં ચાલી જતાં સંખેડા કોર્ટના ન્યાયાધીશ કુ.પી.પી.સોનીએ વકીલ રણજીતભાઈ તડવીની દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપી સુનિલકુમાર રમેશભાઈ પટેલને ત્રણ મહિનાની સાદી કેદની સજા ફટકારતો સંખેડા કોર્ટ દ્વારા હુકમ કર્યો હતો.

## માત્ર 10 રૂપિયા માટે શ્રમજીવી યુવાનને માથામાં કડુ માર્યું

**મહિલા** સહિત 4 હુમલાખોરોને 10 રૂપિયા માટે પોલીસ સ્ટેશનના ચક્કર કાપવા પડ્યા

(પ્રતિનિધિ) વડોદરા, 18

દસ રૂપિયા સમયસર પરત નહીં કરતા થયેલા ઝઘડાના કારણે શ્રમજીવી યુવાનને ઢોર માર મારી માથું ફોડી નાખ્યું. શિનોર તાલુકાના મોટા કરાળા ગામના રામદેવ ફળિયામાં રહેતા ૨૦ વર્ષના અવિન જયેશ વસાવા છૂટક મજૂરી કામ કરે છે તેણે પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે નિશાળવાળા ફળિયામાં રહેતા રાજદીપ મહેશ તડવી પાસેથી થોડા દિવસ પહેલા 10 રૂપિયા ઉછીના લીધા હતા તે બાબતે બોલાચાલી બાદ નજીવો ઝઘડો થયો હતો. તેની અદાવત રાખી ૧૬ મી તારીખે સાંજે ૬:૩૦ વાગ્યે અશ્વિન પોતાના ઘરમા હાજર હતો ત્યારે રાજદીપ તેનો ભાઈ રોહન પિતા મહેશભાઈ અને માતા નયનાબેન ધસી આવ્યા હતા અને અશ્વિન સાથે ઉગ્ર સ્વરમાં ઝઘડો કર્યો હતો.

આવેશમાં આવી ગયેલા રાજદીપે માથામાં ઝનૂનભેર કડું મારી દીધું હતું.પુત્રના માથામાંથી લોહી નીકળતા માતા કપિલાબેન વસાવા પુત્રને બચાવવા વચ્ચે પડતા તેને પણ હુમલાખોરોએ ગડદા પાટું નો માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.ઈજાગ્રસ્ત અશ્વિનને લોહી નીંગળતી હાલતમાં હોસ્પિટલ લઈ જતા ફરજ પરના તબીબે 9 ટાકા લઈને સારવાર કરી હતી. ઈજાગ્રસ્તે ચાર હુમલાખોરો સામે મારામારીની ફરિયાદ નોંધાવતા પોલીસે તમામની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

**જાહેર નોટીસ** — જન્મ નોંધણી/એસ.આર.નં.૧૨૯/૨૦૨૫

શ્રી વી.આર.પરમાર, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ક્વાંટ તાલુકાની કોર્ટ,

**અરજદાર** : ભીલ નાયકાભાઈ કાળીયાભાઈ, રહે.છોડવાણી, તા.ક્વાંટ, જી.છોટાઉદેપુર

-વિરુધ્ધ-

**સામાવાળા** : જન્મ/મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી છોડવાણી ગ્રા.પં., તા.ક્વાંટ, જી.છોટાઉદેપુર

**જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઇસમોને આપી જણાવવાનું કે, અરજદારશ્રીનાં પુત્ર નામે ભીલ વજયભાઈ નાયકાભાઈનું જન્મ તા.૦૧/૦૬/૨૦૦૩ ના રોજ મોજેઃ છોડવાણી તા.ક્વાંટ જી.છોટાઉદેપુર મુકામે થયેલ. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે છોડવાણી ગ્રામ પંચાયત ખાતે કરવાની રહી ગયેલ હોઇ જન્મની નોંધણી કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઇ ઇસમને વાંધો યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળ ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઇસમોએ નોંધ લેવી. આજરોજ તારીખઃ ૨૩/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/- (વી.આર.પરમાર)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ક્વાંટ